# શહેરની શિક્ષણ સંસ્થાઓની આસપાસથી દબાણ દુર કરાયા

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેર શિક્ષણનગરી બની ગયું છે. શહેરમાં યુનિવર્સિટીઓ તેમજ શાળા કોલેજોમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે તાજેતરમાં શિક્ષણધામની આસપાસ આવેલી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને વ્યસન અને નશાખોરીના રવાડે ચઢાવતા તત્વો સામે પગલા લેવા પોલીસને આદેશ કરાયો હતો. ઈન્ફોસીટી પોલીસ મથકના પીઆઈ જે.જે.રાજપૂતની કડક સુચનાથી પોલીસે ઈન્ફોસીટી રોડ અને પીડીપીયુ માર્ગ પર શૈક્ષણિક સંસ્થાની આસપાસ રહેલા પાનના ગલ્લા, ચાની લારીઓ, ગેરકાયદેસર દબાણ ઉભુ કરીને ઉભા રહેલા લારી ધારકો તેમજ ફેરીયાઓ પર તવાઈ બોલાવી હતી. ઈન્ફોસીટી પોલીસે ઘ-૦ થી આગળ જતા રીલાયન્સ ચોકડી અને પીડીપીયુ રોડ પર આવેલા ૧૦૦ થી વધુ પાનના ગલ્લા તેમજ ખાણીપીણીની લારીઓ દુર કરી દીધી હતી. આ ઉપરાંત લાયસન્સ વગર ધમધમતી હોટલ પણ બંધ કરાવી દીધી હતી. પોલીસે ઈન્ફોસીટી અને પીડીપીયુ રોડ પર પાનના ગલ્લા તેમજ ખાણીપીણીની લારીઓ અને હોટલો મોડીરાત સુધી ખુલ્લી રહેતી હતી. જેમાં અડીંગો બેસીને જમાવતા અસામાજીક તત્વો મશ્કરી અને નશાખોરીની પ્રવૃતિઓ આચરતા હોય છે. ત્યારે પોલીસે બોલાવેલા અચાનક સપાટાથી વેપારીઓમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો.



## માનવી સાથે સહજીવન માણતા જંગલી પશુ

માણસો પોતાનો વિસ્તાર વધારતા થયા છે ત્યારથી અમુક પશવ-પંખી પોતાનુ અસ્તિત્વ ટકાવી રાખવા પોતાની પ્રકૃતિથી પર માણસને શરણે આવી રહ્યા છે. વાંદરા તો હતા પણ હવે નીલગાય પણ ભળી રહી છે. ફોટામાં કુતરૂ ને વાંદરાને ન બને કુતરાને નીલગાય સાથે પણ ન બને પરંતુ બધા જ સાથે ખાય છે. આ પશુ સાથે સહજીવન માંડીને બેઠા છે કોબા પ્રાથમિક શાળાના શિક્ષક બળદેવભાઈ પટેલ...



જળશક્તિ અભિયાન અંતર્ગત જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે જિલ્લાની કેટલીક બહેનોએ ''જળ એજ જીવન'' ''વૃક્ષ વાવો'' જળસંચય કરીએ જેવા સૂત્રો સાથે મહેંદી સ્પર્ધા યોજી હતી તેની તસ્વીરો.

# કોલવડા અને આલમપુરમાંથી જુગાર રમતા શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં વોટર વર્કસની બાજુમાં જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. જયારે બે જુગારીઓ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. તો બીજીતરફ આલમપુર ગામે મેળામાં મંદિરના પાછળના ભાગે જુગાર રમી રહેલા ચાર જુગારીઓને એલસીબી પોલીસે પકડી પાડી બંન્ને સ્થળ પરથી મળીને કુલ રૂ. ૧૨,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં દરબાર ભાગોળની બાજુમાં બળીયાદેવ મંદિરના પાસે આવેલા વોટર વર્કસની ઓરડી નજીક કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. આ ભાગદોડમાં બે જુગારીઓ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. જયારે ચાર શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે દાવ પર લાગેલા રૂ.૪ હજાર તેમજ અંગઝડતી માં રૂ.૯૩૦૦ રૂપીયા મળી કુલ રૂ.૧૩,૩૦૦ જપ્ત કર્યા છે. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા રોહિતસિંહ દશરથસિંહ વાઘેલા, સંજયસિંહ પોપટસિંહ વાઘેલા, ભુપત અદાજી વાઘેલા, દિનેશસિંહ હિંમતસિંહ વાઘેલા પકડાઈ ગયા હતા. જયારે વિનોદસિંહ દલપતસિંહ વાઘેલા અને પૃથ્વીસિંહ વાઘેલા ભાગી ગયા હતા. પોલીસે તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં આલમપુર ગામે મેળામાં મંદિરના પાછળના ભાગે જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. એલસીબી કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને જુગાર અંગે બાતમી મળતા પોલીસે રેઈડ કરતા એક ઈસમ જમીન પર મુકેલા પ્લાસ્ટીકના બોર્ડ પર ૧ થી ૧૦ આંકડા પર પૈસા મુકીને જુગાર રમાડતો હતો.

પોલીસે વરલીને જુગાર રમાડતા કાળા બાબરજી ઠાકોર (ઉં.વ.૪૮ રહે.આલમપુર) તેમજ જુગાર રમતા મહંમદ હનીફ મહેબુબભાઈ અડી (ઉં.વ.૨૮ રહે.માંડલ કસ્બા વિરમગામ), અમીન યુસુફભાઈ ઘાંચી (ઉં.વ.૨૪ રહે.કડી) તેમજ હમીદખાન મહેબુબખાન પઠાણ (ઉં.વ.૨૫ રહે.જોરાવરનગર દહેગામ), દબોચી લીધા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૩૨૦૦ જપ્ત કરીને તમામ સામે ચિલોડા પોલીસે મથકમાં જુગારધારા મુજબ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

### સ્વચ્છતા અભિયાન ''કાયાકલ્પ'' પ્રોજેક્ટ અંતર્ગત

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સફાઈ મુદ્દે રાજયમાં બીજા ક્રમે

ગાંધીનગર, તા.૭ ફોટો

સ્વચ્છતા અભિયાન ''કાયાકલ્પ''પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સમગ્ર રાજયમાં સફાઈને મુદ્દે બીજા ક્રમ હાંસલ કર્યો છે. ત્યારે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ હોસ્પિટલને પ્રશિસ્તપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ એવોર્ડથી સિવિલના અધિકારી-કર્મચારીઓમાં ખુશીની લ્હેર પ્રસરી ગઈ હતી. ત્યારે સિવિલ સુપ્રિટેન્ડન્ટે સફળતાનો આ શ્રેય સિવિલમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના સફાઈ કામદારોને આપ્યો હતો.

જાહેર આરોગ્ય ક્ષેત્રે ભારત સરકારની કાયાકલ્પ યોજના હેઠળ ગુણવત્તાયુકત અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થય સુવિધાઓ પ્રદાન કરવાના પ્રયાસોને પગલે આરોગ્ય સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરી અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર તરફથી પ્રશસ્તિપત્ર પાઠવવામાં આવ્યું છે. ત્યારે સમગ્ર સિવિલમાં સફાઈની



સેવા સુદ્રઢ બને તે માટે હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો.નિયતિ બેન લાખાણી અને ડો.રાજેન્દ્ર ચૌહાણ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવે છે. સફાઈને લઈ સિવિલમાં રાઉન્ડ મારવામાં આવે છે. રાઉન્ડ દરમિયાન અધિકારીઓ દ્વારા જે તે સુચના અને માર્ગદર્શન પણ આપવામાં આવે છે. જયારે કાયાકલ્પ દ્વારા વર્ષ દરમિયાન સ્વચ્છતાને લઈ ચેંકીગ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન કાયાકલ્પની ટીમ પણ સિવિલમાં આવીને વિવિધ વિભાગોની ચકાસણી કરી ગઈ હતી. જો કે સિવિલમાં સ્વચ્છતાને પગલે કાયાકલ્પ અંતર્ગત જીએમઈઆરએસ હોસ્પિટલે રાજયમાં બીજો ક્રમ હાંસલ કર્યો છે. આ પ્રશસ્તિપત્ર મળતા સિવિલના અધિકારી-કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું.

# કેન્દ્રીય ટીમ જળશક્તિ અભિયાન અંતર્ગત કલોલ-દહેગામમાં સરપંચ સંમેલન કરશે

જળશક્તિ અભિયાનની સમીક્ષા માટે આવેલ કેન્દ્ર સરકારની ટીમ આજે દહેગામ અને કલોલ તાલુકાના સરપંચોને મળી જળ સંચયનું મહત્વ સમજાવશે. જળશક્તિ અભિયાન અંગે જિલ્લાનો ક્રમ ૯૮મા સ્થાને આવતાં હરકતમાં આવેલ તંત્રએ આ કામગીરી મિશન મોડ પર હાથ ધરેલ છે. ચાર સભ્યોની ટીમ આજે સવારે દિલ્હીથી ગાંધીનગર આવી પહોંચી હતી. ટીમે અલુવા તેમજ અનોડિયા ખાતે ચાલતા જળસંચયના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આ પછી માણસા ખાતેની વન વિભાગની નર્સરીની પણ સમીક્ષા લઈ જે રોપાઓનું વનીકરણ માટે વિતરણ થાય છે તેના વિશેની વિસ્તૃત વિગતો મેળવી હતી.

ત્રિદિવસીય પ્રવાસે આવેલી ટીમ આજે સવારે કલોલ જશે જ્યાં સરપંચ સંમેલન રાખવામાં આવેલ છે જેમાં હાજરી આપશે. આ ઉપરાંત છત્રાલ નજીક ચાલી રહેલ તળાવના કામને પણ જોશે.

બપોર પછી આ ટીમ દહેગામ જશે અને તાલુકા પંચાયત ખાતે સરપંચોની બેઠકમાં હાજરી આપશે. આ પછી સાંપા ખાતે ચાલતા તળાવના કામની મુલાકાત લેનાર છે. બીજી તરફ જિલ્લાતંત્ર દ્વારા ગુરૂવારથી જ ગામે ગામ જળસંચય અભિયાન અંગે ખેડૂતોની જાગૃતિ માટે લઘુ તેમજ ગુરૂ શિબિરોનું આયોજન કરાયુ છે જે ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલશે. મળતી વિગતો પ્રમાણે ખેડૂતો સાથે ગૃપ બેઠકો કરી અને આધુનિક ખેતી પદ્ધતિ અંગેની જાણકારી અપાશે. ખાસ કરીને ડ્રીમ ઈરીગેશન, સ્પ્રીંક્લર ઈરીગેશન તેમજ જળસંચય કેવી રીતે મહત્તમ થઈ શકે તેની જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ૧૦મી ઓગષ્ટે બાળરેલીઓ પણ ગામે ગામ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# સેક્ટર-૧૧માં ભરબપોરે દારૂડીયાએ ધમાલ મચાવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં અસામાજીક તત્વો બેફામ બની ગયા છે. દારૂ પીને છાકટા બનતા યુવાનો જાહેરમાં તમાશો ખડો કરી દે છે. શહેરમાં અસામાજીક તત્વોને જાણે પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સેકટર-૧૧ માં આજે બપોરના સુમારે એકટીવા અને બાઈક વચ્ચે સામાન્ય થયેલા અકસ્માતમાં દારૂડીયાએ નિર્દોષ યુવાનને માર માર્યો હતો. તે ઉપરાંત એકટીવા પછાડી, ''ચલ પોલીસ કેસ કરવો હોય તો પોલીસ મારુ કઈ બગાડી નહીં લે'' તેમ કહીને નિર્દોષ યુવક પર રોફ માર્યો હતો.

મળતી માહિતી મુજબ બુધવારના રોજ બપોરના સુમારે સેકટર-૧૧ ભરચક વિસ્તારમાં મારામારીના દ્રશ્યો સર્જાતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. બાઈક અને અકસ્માત સર્જાતા આ માથાકુટ સર્જાઈ હતી. એકટીવા ચાલકે બાઈક ચાલકની માફી પણ માંગી હતી, પરંતુ નશામાં ચુર દારૂડીયાએ બેફામ ગાળો બોલીને આખો વિસ્તાર માથે લીધો હતો. દારૂડીયાને પોલીસની પણ સહેજ પણ બીક ન હતી. તેણે એકટીવા પણ પછાડ્યું હતું અને નિર્દોષ યુવકને માર માર્યો હતો. જયારે બનાવ જોવા માટે નાગરીકો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. પરંતુ યુવકના બચાવમાં કોઈ ખાસ આગળ આવ્યું ન હતું. જયારે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ કેસ નોંધાયો નથી.

## સે-૧૫ કોલેજ ખાતે મારામારીના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર શહેરની સેકટર-૧૫ કોલેજ ખાતે યુવતિની છેડતીને પગલે બે જુથ સામસામે આવી જતા છુટા હાથની મારામારી થઈ હતી.ત્યારે અસામાજીક તત્વો સામે પોલીસે કડક હાથે કાર્યવાહી કરવાની જરુરીયાત ઉભી થવા પામી છે.

# સિવિલ હોસ્પિટલ દ્વારા ''ની'' રિપ્લેસમેન્ટ માટે ૧૧૧ દર્દીઓને સર્ટીફિકેટ અપાયા

ગાંધીનગર, તા. ૭

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના નાગરીકો માટે વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ ઉભી કરવામાં આવી છે. ત્યારે મા.મા. વાત્સલ્ય અને આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા નાગરીકો ઘુંટણનું ઓપરેશન ખાનગી દવાખાનામાં વિનામૂલ્યે કરાવી શકે તે માટે મહત્વનો નિર્ણય કરાયો હતો. પરંતુ આ ઓપરેશનમાં ગેરરીતિ ના થાય તે માટે ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન પહેલા સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક એચ.ઓ.ડી.ને બતાવીને સિવિલ સર્જનનું સર્ટિફીકેટ ફરજીયાત કરવામાં આવ્યું છે. સિવિલમાં દર બુધવારે અને શુક્રવારે ઘુંટણના દર્દીઓને ચકાસીને સર્ટીફિકેટ આપવામાં આવે છે. ત્યારે છેલ્લા બે માસમાં ૧૧૧ દર્દીઓને સર્ટીફિકેટ આપવામાં આવ્યા છે.

ડૉકટર દ્વારા દર્દીઓને તપાસીને ઘુંટણ બદલવા લાયક છે કે કેમ તેની ભલામણ પત્ર કરે છે. છેલ્લા બે માસમાં ૧૭૧ દર્દીઓએ સર્ટીફિકેટ મેળવી ખાનગી હોસ્પિટલમાં સરકારી યોજનાનો લાભ લઈ ઘુંટણ બદલાવ્યા છે. મા. મા-વાત્સલ્ય અને આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર ખાનગી દવાખાનામાં મળે છે. જેમાં ઘુંટણના ઓપરેશનનો પણ સમાવેશ થઈ જાય છે. પ્રારંભિક તબક્કામાં ગેરલાભ ઉઠાવતા સરકારે સિવિલનું સર્ટીફિકેટ ફરજીયાત કર્યુ છે.

# ગાંધીનગરમાં અદ્યતન સુવિધાયુક્ત એસયુવી ''કિઆ સેલોટ્સ'' લોન્ચ કરાઈ

### આકર્ષક ડિઝાઈન સાથેની ''કિઆ સેલોટ્સ'' અઢળક નવા ફિચર્સને કારણે ગ્રાહકોને આકર્ષી રહી છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સેક્ટર-૨૮માં જીઆઈડીસી ખાતેના ''વાઈબ્રન્ટ કિઆ'' શૉ રૂમ ખાતે તદન નવી એસયુવી કાર ''કિઆ સેલોટ્સ'' લોન્ચ કરાઈ છે. નવી ''કિઆ સેલોટ્સ'' કાર અલગ અલગ પાંચ પ્રકારના વેરિઅન્ટસમાં ઉપલબ્ધ છે.



''કિઆ સેલોટ્સ''માં વિવિધ અનોખી બાબતો છે જે તેને અન્ય એસયુવી કારથી અલગ બનાવે છે. પહેલીવાર કારમાં સ્માર્ટ પ્યોર એર ટ્યુરિફાયર લગાડાયુ છે તે સાથે આ સેગમેન્ટમાં સૌ પ્રથમવાર સ્માર્ટ ૮.૦ હેડઅપ ડિસ્પ્લે તથા રીઅર સનશેડ કર્ટેન્સ જેવી સુવિધા સાથે ૧.૪ ટર્બો જીડીઆઈ વીથ ડીસીટીનો ઉપયોગ કરાયો છે. કારમાં ૩૭ પ્રકારની કનેક્ટિવીટી ઉપલબ્ધ છે તેમજ બોઝ પ્રિમિયમ ૮ સ્પિકર્સ મ્યુઝિક સિસ્ટમ ૧૦.૨૫ હાઈડેન્સિટી ટચસ્ક્રિન નેનિગેશન, રિમોટ સ્ટાટ એન્ડ વોઈસ રેકોગ્નિશન જેવા ફિચર્સ પ્રસ્તુત કરાયાં છે. જે આ પ્રકારના સેગમેન્ટમાં સૌથી અલગ છે. આ ઉપરાંત કારમાં સલામતીની પુરતી વ્યવસ્થા માટે ૬ એરબેગ ઉપલબ્ધ છે તેમજ રાત્રિના સમયે ક્લિઅર વિઝન માટે એલઈડી હેડલાઈટ્સ ડીઆરએસ સાથે એઈડી ટેઈલ લેમ્પનો પણ ઉપયોગ કરાયો છે. કારમાં ૩૬૦ ડિગ્રી ઘુમી શકે તેવો કેમેરો લગાડાયો છે તથા ડ્રાઈવર સીટ માટે પાવર એડજસ્ટ કરવાના ૮ વિકલ્પો અપાયા છે. આ ઉપરાંત 'કિઆ સેલોટ્સ' અનેક તદ્દન નવા કહેવાય તેવા નાના-મોટા ફિચર્સ સામેલ છે જેને કારણે આ કારને ગ્રાહકો દ્વારા પસંદ કરવામાં આવી રહી છે.

# નેશનલ હેન્ડલૂમ દિવસના ઉપક્રમે નીફ્ટ ખાતે પ્રદર્શન સહ વેચાણ

### મુલાકાતીઓનો ઘસારો જોઈ પ્રદર્શન ગુરૂવાર સાંજ સુધી લંબાવાયુ

ગાંધીનગરમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી-નીફ્ટ ખાતે યોજાયેલ હેન્ડલૂમ એક્ઝિબિશનને વધુ એક દિવસ માટે લંબાવાયુ છે. હવે આ પ્રદર્શન તા. ૮મી ઓગષ્ટ ગુરૂવારે સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. નીફ્ટ કેમ્પસ ખાતે પાંચમા નેશનલ હેન્ડલૂમ ડે ની ઉજવણીના ભાગરૂપે હેન્ડલૂમ ઉત્પાદિત ચીજવસ્તુઓના પ્રચાર-પ્રસાર માટે પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવ્યુ છે. આ એક્ઝિબિશન કમ સેલમાં સમગ્ર ગુજરાતભરમાંથી ૨૦ જેટલા કારીગરો દ્વારા તેમની ઉત્કૃષ્ઠ હેન્ડલૂમ ઉત્પાદનો રજૂ કરાયાં છે જેનો મુલાકાતીઓમાં બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે. જાહેર જનતાના પ્રતિસાદને અનુલક્ષીને આ પ્રદર્શન સહ વેચાણને વધુ એક દિવસ માટે લંબાવવાનો આયોજકો દ્વારા નિર્ણય કરાયો છે. આ પ્રદર્શનમાં હેન્ડલૂમ ઉત્પાદનોમાં ટાંગલીયા, પટોળા, ઈક્કત, મશરૂ, ભુજોડી શાલ તથા લુપ્ત થતી કસોટા વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનની રાજ્યના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા અને હેન્ડલૂમ ક્ષેત્રના નિષ્ણાંત અનારબેન પટેલ, અર્ચનાબેન શાહ વગેરેએ પણ મુલાકાત લીધી હતી.

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
FRIENDS STEEL ज़माने के लिए, ज़माने के साथ।
વડાગામ યુનીટ દ્વારા ઉત્પાદન — કપચી
બનાસ-પાટણ, સાબરમતી રેતી — રેતી — સ્ટોકયાર્ડ
કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ